# <u>કિસાન માધ્યમિક વિદ્યાલયમાં સ્વ-શિક્ષક દિનની ઉજવણી</u>

गुरुर्ब्रह्मागुरुर्विष्णुःगुरुर्देवोमहेश्वरः।

गुरुःसाक्षात्परब्रह्मतस्मैश्रीगुरवेनमः ॥


**પાંચમી સપ્ટેમ્બર એટલે "રાષ્ટ્રીય શિક્ષક દિન". મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગસ્થ ડૉ . સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમના જન્મદિવસ એ શિક્ષકદિન તરીકે ઉજવાય છે.**


**કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડામાં તારીખ 5મી સપ્ટેમ્બર 2024 ના રોજ સ્વ-શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી . સ્વ-શિક્ષકદિને શાળાના આશરે 130 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં ભાગ લઈ શિક્ષક તરીકે વર્ગમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું . સમગ્ર દિવસના શૈક્ષણિક કાર્ય બાદ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો અને પોતે કરેલ શૈક્ષણિક કાર્યના અનુભવો અન્ય વિદ્યાર્થીઓને જણાવ્યા હતા.**

**સ્વ-શિક્ષક દિને શાળામાં શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર મહેરા નૈતિકકુમાર શૈલેષભાઈ 10-C , દ્વિતીય નંબર વણકર કૃપાલ સોમાભાઇ ધોરણ 9-A, તૃતીય નંબર રાજપુત જયશ્રી જયપાલસિંહ ધોરણ 10-B અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર દૈયા હીરાંસીબેન પરસોત્તમભાઈ 11-B , દ્વિતીય નંબર પટેલ ક્રિષ્ના ચેતનભાઈ 12-E , તૃતીય નંબર ઠાકોર ઝંકાર પ્રકાશચંદ્ર 12-D એ મેળવેલ છે. સદર પ્રવૃત્તિ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી નિરવકુમાર ત્રિવેદી અને માધ્યમિક વિભાગના શ્રીમતી રશ્મિબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી હિતેશકુમાર વાય પટેલ , શાળા મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે પટેલ તેમજ સમગ્ર OKC સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.**






Physics

